# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*******************************************************

1) રાષ્ટ્રપતિની આંધ્રપ્રદેશ પુનર્ગઠન (સુધારા) અધિનિયમ 2026ને મંજૂરી - અમરાવતી આંધ્રપ્રદેશની સત્તાવાર રાજધાની જાહેર

2) અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને હોર્મુઝ સામુદ્રધુની ખોલવા ચેતવણી.

3) આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે આજે પ્રચાર સમાપ્ત થશે.

4) રાજ્યસભાના સભાપતિ અને લોકસભાના અધ્યક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુધ્ધ મહાભિયોગ પ્રસ્તાવની નોટીસ ફગાવી.

5) આર્ટેમિસ 2 મિશન પરના અવકાશયાત્રીઓનો નવો રેકોર્ડ - પૃથ્વીથી સૌથી દૂર પહોંચેલા માનવીઓ બન્યા.

6) IPL ક્રિકેટમાં આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ-AP ACT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આંધ્ર પ્રદેશ પુનર્ગઠન (સુધારા) અધિનિયમ, 2026 ને પોતાની મંજૂરી આપી છે. જેમાં અમરાવતીને આંધ્ર પ્રદેશની એકમાત્ર અને કાયમી રાજધાની તરીકે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. કાયદા મંત્રાલયના એક જાહેરનામામાં જણાવાયું છે કે, રાષ્ટ્રપતિએ ગઈકાલે આ કાયદાને પોતાની મંજૂરી આપી હતી. લોકસભા અને રાજ્યસભાએ ગયા અઠવાડિયે બજેટ સત્ર દરમિયાન આંધ્રપ્રદેશ પુનર્ગઠન (સુધારા) વિધેયક, 2026 પસાર કર્યું હતું. ઉલ્લેખનીય છે કે આ નવો કાયદો અમરાવતીને આંધ્ર પ્રદેશની એકમાત્ર રાજધાની તરીકે વૈધાનિક દરજ્જો આપે છે.

# FUR REV PM FOUNDATION DAY

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભાજપે ભારતીય રાજકારણમાં 'પ્રથમ રાષ્ટ્ર' ના નવા સિદ્ધાંતની સ્થાપના કરી છે. શ્રી મોદીએ ભાજપના 47મા સ્થાપના દિવસ નિમિત્તે તેમના વિડીયો સંદેશમાં કહ્યું કે આ દિવસ રાષ્ટ્રની સેવા કરવાની તક પૂરી પાડવા બદલ પાર્ટી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક આપે છે.

તેમણે કહ્યું કે દેશમાં સમાન નાગરિક સંહિતા અને એક રાષ્ટ્ર એક ચૂંટણી જેવા વિષયો પર ગંભીર ચર્ચાઓ થઈ રહી છે. શ્રી મોદીએ નોંધ્યું કે આ રાષ્ટ્રીય એકતા અને કાર્યક્ષમ શાસન પ્રત્યે ભાજપની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કડક ચેતવણી આપી અને કહ્યું કે જો તેહરાન કોઈ સોદો કરવામાં નિષ્ફળ જાય અને મહત્વપૂર્ણ વૈશ્વિક ઉર્જા માર્ગ હોર્મુઝ સામુદ્રધુનીને સમયમર્યાદા પહેલા ફરીથી ખોલવામાં ન આવે તો અમેરિકા એક જ રાતમાં ઈરાનનો નાશ કરી શકે છે. વ્હાઇટ હાઉસ ખાતે એક પત્રકાર પરિષદમા બોલતા, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું કે જો સામુદ્રધુની બંધ રહેશે તો અમેરિકા ઈરાનના ઉર્જા અને પરિવહન માળખાને નિશાન બનાવી શકે છે.

આ દરમિયાન, ઈરાને યુદ્ધવિરામ માટેના અમેરિકાના પ્રસ્તાવોને નકારી કાઢ્યા છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પેસિફિક સાથી દેશો, ખાસ કરીને નાટો દેશોની પણ આ ક્ષેત્રમાં અમેરિકાના લશ્કરી પ્રયાસોને ટેકો ન આપવા બદલ ટીકા કરી છે.

## PRIME MINISTER – CIVILIAN NUCLEAR PROGRAMME

તમિલનાડુના કલ્પક્કમમાં સ્વદેશી રીતે ડિઝાઇન કરાયેલ અને નિર્મિત પ્રોટોટાઇપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરે ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવી છે.

ગઈકાલે રાત્રે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત તેના નાગરિક પરમાણુ ઉર્જા પ્રવાસમાં નિર્ણાયક પગલું ભરી રહ્યું છે અને દેશના ત્રણ-તબક્કાના પરમાણુ કાર્યક્રમના બીજા તબક્કાને આગળ ધપાવી રહ્યું છે.

રિએક્ટરના તકનીકી મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ અદ્યતન રિએક્ટર, જે તેના વપરાશ કરતાં વધુ ઇંધણ ઉત્પન્ન કરવામાં સક્ષમ છે, તે દેશની વૈજ્ઞાનિક ક્ષમતાઓ અને ઇજનેરી કૌશલ્યની શક્તિ દર્શાવે છે. શ્રી મોદીએ પ્રોજેક્ટમાં સામેલ વૈજ્ઞાનિકો અને ઇજનેરોને પણ અભિનંદન આપ્યા છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ......

**VC- ANUPAM**

# CAMPAIGNING-ASSEMBLY POLLS

આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થઈ રહ્યો છે. આજે અંતિમ કલાકોમાં, વિવિધ રાજકીય પક્ષના ટોચના નેતાઓ મતદારો સાથે જોડાવા અને પોતાના પક્ષોને મજબૂત કરવા માટેના પ્રયાસો કરશે. આસામમાં 126, કેરળમમાં 140 અને પુડુચેરીમાં 30 બેઠકો માટે મતદાન ગુરુવારે એક જ તબક્કામાં યોજાશે.

ગઈકાલે, ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામમાં બારપેટા, હોજઈ અને ડિબ્રુગઢમાં જાહેર સભાઓ યોજી હતી. શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ સતત ત્રીજા કાર્યકાળ માટે આસામમાં સરકાર બનાવશે.

કોંગ્રેસે રાજ્યમાં તેના પ્રચારને પણ તીવ્ર બનાવ્યો છે. ગઈકાલે ગુવાહાટીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, પાર્ટીના વરિષ્ઠ નેતા કુમારી શેલજાએ કહ્યું કે કોંગ્રેસ ન્યાય અને બધા માટે સમાન અધિકારો માટે ઉભી છે. આ દરમિયાન, આસામ ગણ પરિષદ, આસામ રાષ્ટ્રીય પરિષદ અને રાયજોર દળ સહિત અન્ય રાજકીય પક્ષોએ પણ આસામમાં તેમના પ્રચાર પ્રયાસો ઝડપી બનાવ્યા છે.

ગઈકાલે પુડુચેરીમાં પ્રચાર પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલી રહી હતી, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં અગ્રણી નેતાઓએ રેલીઓ અને જાહેર સભાઓને સંબોધિત કરી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને ડીએમકે નેતા અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને પણ પુરજોશમા પ્રચાર કર્યો હતો.

જ્યારે કેરળમા પણ વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓએ રાજ્યભરમાં સભાઓ અને રોડ શો કર્યા.

આ દરમિયાન, તમિલનાડુમાં એક તબક્કાના મતદાન અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાન માટે આજે નામાંકનની ચકાસણી કરવામાં આવશે. બંને માટે નામાંકન દાખલ કરવાનું ગઈકાલે પૂર્ણ થયું, જ્યારે ઉમેદવારો ગુરુવાર સુધી તેમના નામ પાછા ખેંચી શકે છે.

તમિલનાડુની તમામ 234 વિધાનસભા બેઠકો અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની 152 બેઠકો માટે મતદાન આ મહિનાની 23મી તારીખે યોજાશે. પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કા માટે મતદાન આ મહિનાની 29મી તારીખે યોજાશે, જેમાં 142 બેઠકોનો સમાવેશ થશે.

ચાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે મતગણતરી આવતા મહિનાની 4 તારીખે થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RS-LS REJECT MOTION

**રાજ્યસભાના સભાપતિ સી પી રાધાકૃષ્ણન અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા માટે વિપક્ષી સભ્યો દ્વારા લવાયેલા મહાભિયોગના પ્રસ્તાવની નોટિસને ફગાવી દીધી છે.**

**રાજ્યસભા સચિવાલય અને લોકસભા સચિવાલયે અલગ અલગ સંદેશાવ્યવહારમાં જણાવ્યું હતું કે દરખાસ્તની નોટિસ પર યોગ્ય વિચારણા અને સંકળાયેલા તમામ સંબંધિત પાસાઓ અને મુદ્દાઓનું કાળજીપૂર્વક અને ઉદ્દેશ્ય મૂલ્યાંકન કર્યા પછી, અધ્યક્ષ, રાજ્યસભા અને લોકસભા અધ્યક્ષે દરખાસ્તની નોટિસ સ્વીકારવાનો ઇનકાર કર્યો છે.**

# ARTEMIS II – RECORD

આર્ટેમિસ 2 મિશન પરના અવકાશયાત્રીઓએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. તેઓ પૃથ્વીથી સૌથી દૂર પહોંચેલા માનવીઓ બન્યા છે. ચંદ્ર હવે તેમને સ્પષ્ટપણે દેખાય છે. ઉડાન દરમિયાન, ચંદ્રના દૂરના ભાગના એવા દૃશ્યો બહાર આવ્યા જે પહેલાં ક્યારેય જોવા મળ્યા નથી.

ત્રણ અમેરિકન અને એક કેનેડિયન અવકાશયાત્રીઓનો સમાવેશ કરતું આ મિશન, એપોલો યુગ પછી નાસાનું ચંદ્ર પર પ્રથમ વાપસી છે. આ મિશનને આગામી બે વર્ષમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક માનવ પહોંચ તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મેચ વરસાદને કારણે રદ કરાઈ હતી. કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. કોલકાતાએ 3 ઓવર અને 4 બોલમાં 2 વિકેટે 25 રન બનાવ્યા હતા. મેચ રદ થતાં બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યા હતા.

# SHOOTING-ISSF WORLD CUP

ભારતીય શૂટર્સ આજે સ્પેનના ગ્રેનાડા ખાતે 10 મીટર એર રાઇફલ અને 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં મિશ્ર ટીમ સ્પર્ધા સાથે ISSF રાઇફલ અને પિસ્તોલ વિશ્વ કપમાં પોતાનું અભિયાન શરૂ કરશે.

પિસ્તોલ સ્પર્ધામાં, પલક ગુલિયા અને મુકેશ નેલાવલ્લીની સાથે સૈન્યમ અને ઉજ્જવલ મલિકની જોડી હશે. તેમને ટોચના આંતરરાષ્ટ્રીય શૂટર્સ અને ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા સ્પર્ધકોનો સામનો કરવો પડશે.

10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં ભારત બે ટીમો ઉતારશે. ગજાનન ખંડાગલે અને સોનમ મસ્કર જ્યારે અર્શદીપ સિંહ અને શ્રુતિ ચીન અને અન્ય મજબૂત ટીમો સાથે સ્પર્ધા કરશે.

# INDIAN ARMY – DRONE SYSTEM

નવી દિલ્હીમાં સેનાએ માનવરહિત હવાઈ પ્રણાલીઓ અને ડ્રોન માટે ટેકનોલોજી રોડમેપનું અનાવરણ કર્યું. આ પહેલ માનવરહિત હવાઈ પ્રણાલીઓના ક્ષેત્રમાં ભારતીય સેનાની જરૂરિયાતને લાંબા ગાળાની દૃશ્યતા પ્રદાન કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ પહેલના ભાગ રૂપે એક દસ્તાવેજ બહાર પાડવામાં આવ્યો છે. ભારતીય સેનાએ જણાવ્યું હતું કે આ રોડમેપ ઉદ્યોગ, શિક્ષણ અને સંશોધન અને વિકાસ સંસ્થાઓને પ્રાથમિકતા ક્ષેત્રો તરફ રોકાણ અને ટેકનોલોજીકલ પ્રયાસોને દિશામાન કરવા માટે સ્પષ્ટ અને કાર્યક્ષમ માર્ગદર્શિકા પ્રદાન કરે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે સંદેશ લખે છે કે, "તહેરાન પર US, ઇઝરાઈલના હુમલા: 34ના મોત"
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, ટ્રમ્પની મુદ્દત આજે પુરી થશે: ઇરાને કહ્યું હોર્મુઝ નહીં ખુલે, યુદ્ધવિરામ પણ નહીં.
- નવગુજરાત સમય લખે છે કે, ઈરાન માટે આજે કતલની રાત: ટ્રમ્પ
- મદુરાઈમાં કોરોના સમયે દુકાન ખુલ્લી રાખવાના કેસમાં પકડાયેલા પિતા-પુત્રનું પોલીસ કસ્ટડીમાં મોત થયું હોવાના કેસ અંગે ગુજરાત સમાચાર અને ફૂલછાબ લખે છે કે, કસ્ટોડિયલ ડેથ માટે 9 પોલીસને ફાંસીની સજા.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો પોરબંદરમાં બે બાઇક વચ્ચે અકસ્માત, 4 યુવાનનાં મૃત્યુ, ગુજરાતનાં અનેક જિલ્લામાં આજે કમોસમી વરસાદની આગાહી, રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરતની RTO કચેરીને બોમ્બથી ઉડાવવાની ધમકી જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.